BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

**<u>અત્યંત તાકીદનું</u>**

**<u>પરિપત્ર</u>:-**

**વિષય :** **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ખાનગી આર્ટ્સ,કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોની મંજૂર મહેકમની માહિતી ભરીને હાર્ડકોપી / સોફ્ટકોપી મોકલી આપવા બાબત.**

**સંદર્ભ :** **1.ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્ર ક્રમાંક ISC-7/યુનિ.અ.તા.પ્ર.263/2023/2129-42**
**2.ગુજરાત શિક્ષણ વિભાગના ક્રમાંક:વસપ/1523 અ.તા.પ્ર.48/ખ**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ આર્ટ્સ,કોમર્સ તથા વિજ્ઞાન પ્રવાહની ખાનગી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કોલેજમાં મંજૂર મહેકમ બાબતે પુછવામાં આવેલ અતારાંકિત પ્રશ્નક્રમાંક: 263 ની નકલ આ સાથે સામેલ છે.

ઉકત વિગતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા જણાવ્યા અનુસાર યુનિવર્સિટી સંલગ્ન તમામ આર્ટ્સ ,કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની ખાનગી કોલેજોમાં મંજૂર મહેકમનો ખંડવાર જવાબ હાર્ડકોપી અને સોફ્ટકોપીમાં અલગ અલગ પત્રકમાં તૈયાર કરી **<u>આજ સાંજ સુધીમાં</u>** જવાબની હાર્ડકોપી તથા સોફ્ટકોપી ઈ-મેઈલ arsoni@bknmu.edu.in મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે આ જવાબ તૈયાર કરતી વખતે અગાઉ આવા તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો અન્વયે આપેલ જવાબ ધ્યાને લઈ વિસંગત માહિતી ન આવે તેની કાળજી રાખવા વિનંતી છે.વધુમાં સદર બાબતે કોઈ માહિતી કે વિગત રજૂ કરવાની રહેતી નથી તે અંગેનું પ્રમાણપત્ર સહિત માહિતી પૂરી પાડવા વિનંતી.

કા. કુલસચિવ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ક્રમાંક/બીકેએનએમયુ/રજી/130/2023
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 27/05/2023

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ ખાનગી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.......

<u>બિડાણ</u>

1. **સંદર્ભ દર્શિતપત્રની નકલ.**
2. **માહિતી ભરવા માટેનું પત્રક (એકસલ ફોર્મેટ ડાઉનલોડ કરવા માટેની લિન્ક**
   **https://docs.google.com/spreadsheets/d/1xKizs5ONI_KtPXKRcJOTS8zNU25HVTeN/edit?usp=drive_link**

**<u>નકલ સાદર રવાના :</u>**

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**<u>વિધાનસભા પ્રશ્ન બાબત</u>**

**<u>સમય-મર્યાદા</u>**

ક્રમાંક : ISC-7/યુનિ./અ.તા.પ્ર.૨૬૩/૨૦૨૩/૨૧૨૯-૪૨
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા.૨૬.૦૫.૨૦૨૩.

પ્રતિ ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ સરકારી યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય,

**વિષય** : અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩
માન.ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ( જમાલપુર)
**સંદર્ભ** : શિક્ષણ વિભાગ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: વસપ/૧૫૨૩/અ.તા.પ્ર.૪૮/ખ,
તા.૨૩.૦૫.૨૦૨૩ ના પત્ર.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવનું કે, સંદર્ભદર્શિત પત્રથી માન.ધારાસભ્યશ્રી માન.ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ( જમાલપુર) એ રાજયની ખાનગી આર્ટ્સ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં મંજુર મહેકમ બાબતે પુછવામાં આવેલ વિધાનસભા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩ ની નકલ સાથે સામેલ છે .

પ્રસ્તુત અતારાંકિત પ્રશ્નનો આ સાથે સામેલ પત્રક મુજબ આપની યુનિવર્સિટી સાથે જોડાયેલ તથા આપની યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના તમામ જિલ્લા મુજબની જિલ્લાવાર અલગ અલગ ખાનગી આર્ટ્સ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોની માહિતી જિલ્લાવાર અલગ અલગ પત્રકમાં વિગતો તૈયાર કરી દિન-૧માં અત્રેની કચેરીને જવાબની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી ઈ-મેઈલ **dduniversity-che@gujgov.edu.in** ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં સદર બાબતે કોઇ માહિતી કે વિગત રજુ કરવાની બાકી રહેતી નથી તે અંગેનું પ્રમાણપત્ર સહિત માહિતી પૂરી પાડવા વિનંતી છે.

**નોંધ પર મળેલ માન. સંયુક્ત કમિશ્નરશ્રીની મંજુરી અન્વયે**

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી.
ગુ.રા.,ગાંધીનગર.

% બિડાણ : ઉપર મુજબ.

<u>વિધાનસભા પ્રશ્ન બાબત.</u>

<u>તાત્કાલિક/સમય મર્યાદા</u>

E-MAIL

ક્રમાંકઃ વસપ/૧૫૨૩/અ.તા.પ્ર.૪૮/ખ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર,

બ્લોક-૫/૭, સચિવાલય,

સરદાર ભવન, ગાંધીનગર.

તા.૨૩-૦૫-૨૦૨૩

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા., ગાંધીનગર
24 MAY 2022
આવક નં.: 189736.
શાખા:
કારકુનની સહી:

પ્રતિ,

નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ,

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

બ્લોક-૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

વિષય : અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૬૩
રાજ્યની આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં મંજૂર મહેકમ

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત વિધાનસભા સચિવાલયના તા.૧૬-૦૫-૨૦૨૩ના પત્ર ક્રમાંક નં.પ્ર-૩/૫૮૭૪ની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે માન.ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) તરફથી પૂછવામાં આવેલ 'રાજ્યની આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં મંજૂર મહેકમ' બાબતે અતારાંકિત પ્રશ્ન કરમાંકઃ૨૬૩ નો ખંડવાર જવાબ હાર્ડકોપી અને સોફ્ટકોપીમાં <u>દિન-૦૨માં</u> અત્રે હાથોહાથ મળી જાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

પ્રસ્તુત બાબત વિધાનસભા પ્રશ્નને લગતી સમયમર્યાદાવાળી હોવાથી ટોચ અગ્રતા આપવા વિનંતી છે. વધુમાં આ જવાબ તૈયાર કરતી વખતે અગાઉ આવા તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો અન્વયે આપેલ જવાબ ધ્યાનમાં લઇ વિસંગત માહિતી ન આવે તેની કાળજી રાખવા વિનંતી છે. તેમજ આર.ટી.આઇ.માં જવાબ આપેલ હોય કે નામ.કોર્ટમાં મેટર ચાલુ કે પડતર હોય તેની પણ માહિતી અને પૂરક પ્રશ્નો સહિતની માહિતી આધાર સાથે મોકલી આપવા વિનંતી છે. વધુમાં આ બાબતે માહિતી શૂન્ય હોય તો તેની પણ ખાતરી કરી માહિતી મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(હાર્દિક ભીલ)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક: પ્ર-૩/ ૮૯૪
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા. 16 MAY 2023

17 MAY 2023

**અતારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૯૩**

નોં. ક્ર. ૯૨
17 MAY 2023
127829
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,
સચિવશ્રી,
**શિક્ષણ વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

શ્રીમાન,

માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરેલ અતારાંકિત પ્રશ્ન નીચે જણાવ્યા પ્રમાણે છે. નિયમ ૮૭(૧) ની જોગવાઇ અનુસાર આ પ્રશ્નનો જવાબ **તા.30-0૬-૨૦૨૩** સુધીમાં આ સચિવાલયને મોકલી આપવાનો છે. તેથી આ મુદત સુધીમાં જવાબની ચાર નકલો મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સચિવ,
ગુજરાત વિધાનસભા.

---

**રાજ્યની આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં મંજૂર મહેકમ**

અતારાંકિત: ૨૯૩ : શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય **ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-03-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,
(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવઆર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને
(3) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**નકલ જાણ માટે રવાના:-**

**(૧) સભ્યશ્રી: શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર)**
**(૨) માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી**

LAQ-34/ઝ
18/05/2023

## પત્રક-૨

### વિધાનસભા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૬૩
### માન.ધારાસભ્યશ્રી, શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર)

### તા.૩૧.૦૩.૨૦૨૩ ની સ્થિતિએ જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની ખાનગી કોલેજોના સંવર્ગવાર સ્ટાફનું મહેકમ

## જિલ્લો:- -----

| ક્રમ | જિલ્લો | કોલેજનું નામ | શૈક્ષણિક | | | | બિન શૈક્ષણિક | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંવર્ગનું નામ | મજુર | ભરાયેલ | ખાલી જગ્યા | સંવર્ગનું નામ | મજુર | ભરાયેલ | ખાલી જગ્યા |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | |

## પત્રક-૩

### વિધાનસભા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૬૩

### તા.૩૧.૦૩.૨૦૨૩ ની સ્થિતિએ જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની ખાનગી કોલેજોના સ્ટાફનું ખાલી જગ્યાઓ કયાં સુધીમા ભરવામાં આવશે?

## જિલ્લો:- -----

| ક્રમ | જિલ્લો | કોલેજનું નામ | શૈક્ષણિક | | | બિન શૈક્ષણિક | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંવર્ગનું નામ | ખાલી જગ્યા | ક્યા સુધીમા ભરવામા આવશે | સંવર્ગનું નામ | ખાલી જગ્યા | ક્યા સુધીમા ભરવામા આવશે |
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| કુલ | | | | | | | | |